મે. રાજકોટના સ્પે. સીંટીંગ મેજીસ્ટ્રેટ મ્યુની.જયુ.મેજી.ફ.ક. સાહેબશ્રી ની કોર્ટમાં, રાજકોટ

ક્રીમી. કેસ નં–૬૭૯૭/૨૪
આંક –

ફરીયાદી – નામદાર સરકાર

વિરૂધ્ધ

આરોપી – ગોવિંદભાઈ જીવાભાઈ ટોયટા
રહેવાસી – રાજકોટ

ગુનો :– ઇ.પી.કોડની કલમ–૧૮૮ મુજબ...

## :: ચુકાદો ::

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપી ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ફરીયાદમાં જણાવ્યા મુજબનો કલમ–૧૮૮ મુજબનો ગુનો કરેલ છે. જેની ફરીયાદ થતા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. આજરોજ આરોપી હાજર થતા તેને નકલો આપવામાં આવેલ હતી. આજરોજ આરોપીએ હાજર થઇ ગુનો કબુલ કરવાનુ જણાવેલ છે.

આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં આરોપીએ સ્વૈચ્છીક કબુલાત કરી તે મતલબની પુરસીસ રજુ કરેલ છે. જેથી આરોપીની ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમાં ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના થયા તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

(૨) આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઇ વીગત જણાતી નથી. જેથી સદર કેસની હકીકત જોતા આરોપીની ઉંમર જોતા તેઓની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ આરોપી ઉપરના આક્ષેપીત ગુનાની સજા જોતા આરોપીની કબુલાત સ્વીકારવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

- આરોપીને ક્રિ.પો.કોડ–૧૯૭૩ ની કલમ–૨૫૨ મુજબ જી.પી.એકટની ક.૧૮૮ ના ગુનાઓ કરવા બદલ દોષિત ઠરાવી રૂ.૧૦૦/– (અંકે રૂ.સો પુરા) નો દંડ તેમજ કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.
- મુદામાલનો નિયમાનુસાર યોગ્ય રીતે નિકાલ કરવો.

તારીખઃ ૨૨/૦૬/૨૦૨૪
સ્થળઃ રાજકોટ.

નેહા તન્મય કારીયા
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
મ્યુનિસિપલ,રાજકોટ